**જ્ઞાન સહાયક યોજના અન્વયે જ્ઞાન સહાયકોની નિયુક્તિ સમયે કરવાના થતા કરારનો નમૂનો તેમજ કરારની બોલીઓ અને શરતો**

**કરારનો નમૂનો:**

જાવકનં :
શાળા સંચાલક મંડળનું નામ :
શાળાનું નામ :
સરનામું :
તારીખ :

પ્રતિ,

**વિષય: જ્ઞાન સહાયકની જગ્યાએ કરારના ધોરણે કામગીરી આપવા બાબત.**

ઉપર્યુકત વિષયની જગ્યા ઉપર નીચે દર્શાવેલ અનુદાનિત પ્રાથમિક શાળા ખાતે કરારની તારીખ થી ૧૧ માસ માટે કરારના ધોરણે (ઓન કોન્ટ્રાકટ બેઝ) માસિક રૂ. ૨૧,૦૦૦/- (એકવીસ હજાર પુરા) ના ઉચ્ચક માનદ વેતનથી તા...................... થી તા......................... સુધીના (૧૧ માસના) સમયગાળા માટે આ સાથે સામેલ બોલીઓ અને શરતોને આધિન આપની સાથે કામગીરી કરાર કરવામાં આવે છે. કરારની બોલીઓ અને શરતો આપને સ્વીકાર્ય હોવા બદલ સંમતિ પત્ર પર સહી કરી શાળા સંચાલક મંડળને પરત કરશો.

કામગીરીનું સ્થળ :

અનુદાનિત પ્રાથમિક શાળાનું નામ :

ગામ/શહેરનું નામ :

તાલુકાનું નામ :

જિલ્લા/નગરનું નામ :

પ્રમુખ/મંત્રી
શાળા સંચાલક મંડળ
.................................... પ્રા.શા.

**જ્ઞાન સહાયકની જગ્યાની કામગીરી માટે કરવામાં આવેલ કરારની શરતો અને બોલીઓ:**

1) આ કરારની મુદત તા..................... થી તા................... સુધી (૧૧ માસના) છે, એટલે કરારની મુદત પુરી થતાં આપ કામગીરી ઉપરથી છુટા થયેલા ગણાશો. ૧૧ માસ પછી રીવ્યુના અંતે જ્ઞાન સહાયકની કામગીરી સંતોષકારક જણાશે તો શાળા સંચાલક મંડળ દ્વારા સંતોષકારક કામગીરીનું પ્રમાણપત્ર આપવામાં આવશે.

2) આ જગ્યાની આપની કામગીરી/વર્તણૂંક સંતોષકારક નહીં જણાય તો કોઈ પણ જાતની નોટીસ વગર કરારનો અંત લાવવામાં આવશે. આપના પક્ષે કરારનો અંત લાવવા માટે એક માસની નોટીસ આપવાની રહેશે.

3) આ કામગીરી માટે માસિક રૂ. ૨૧,૦૦૦/- (એકવીસ હજાર પુરા) ઉચ્ચક માનદ વેતન ચૂકવવામાં આવશે. કરારની મુદત દરમિયાન ઉકત ઉચ્ચક માનદવેતન ઉપર કોઈ પણ પ્રકારનો વધારો, ઈજાફો, ભથ્થાં કે અન્ય નાણાંકીય લાભ મળવાપાત્ર નથી.

4) આ જગ્યા પર શાળા કક્ષાએ નિયમિત શિક્ષકોની ભરતી થતાં, અથવા પ્રસુતિની રજા કે લાંબી રજા પર ગયેલ શિક્ષક પાછા ફરે, અથવા બદલીથી કોઈ શિક્ષક હાજર થયેથી, કે અગિયાર માસ માટે, બે માંથી જે વહેલું હોય તેટલા સમય માટે ઉચ્ચક માનદવેતન મળવાપાત્ર થશે એટલે કે ૧૧ માસની મુદત પહેલા કોઈ નિયમિત શિક્ષક હાજર થાય તો જ્ઞાન સહાયકને ૧૧ માસની મુદત પહેલા છૂટા કરવામાં આવશે અને તેમણે બજાવેલ ફરજના સમય માટેનું જ માનદ વેતન મળવાપાત્ર થશે.

5) આ જગ્યા માટે નિયત કરવામાં આવેલ કર્તવ્યો અને ફરજો બજાવવાની રહેશે. તેમજ શાળા સંચાલક મંડળ દ્વારા વખતો વખત આપની કામગીરીને અનુરૂપ નિર્દેશ કરવામાં આવતી કામગીરી કરવાની રહેશે. શાળામાં ફરજપાલન માટે નિયત કરેલ સમય પ્રમાણે પૂર્ણકાલિન હાજરી આપવાની રહેશે.

6) આ કરારની અવધિ પૂર્ણ થતાં કામગીરી ઉપર ચાલુ રહેવા/નવીન કરાર કરવા માટેનો કોઈ હકદાવો કરી શકાશે નહી.

7) કરારના સમયગાળા દરમ્યાન અવસાન થાય/એક તરફી કરારનો અંત લાવો તો તમોએ બજાયેલ સમયગાળાની એકત્રિત લેણી રકમ તેઓના કુટુંબીજનોને/તમોને મળવાપાત્ર થશે. બીજા કોઈ નાણાંકીય લાભ એક્ષગ્રેસીયા લાભ કે રહેમરાહે નોકરી જેવા અનુષાંગિક લાભ મળવાપાત્ર થશે નહી.

8) જે તે શાળાના અધિકૃત શાળા સંચાલક મંડળની પરવાનગી વગર આપ મુખ્યમથક છોડી શકશો નહી. જ્ઞાન સહાયક એ શાળામાં કામકાજનાં દિવસો દરમિયાન શાળા સમય તેમજ જરૂર જણાયે શાળાના શૈક્ષણિક સમય ઉપરાંત વધારાના સમય શાળામાં રોકાઈને ઉપચારાત્મક શિક્ષણ, મૂલ્યાંકન, તાલીમ, હોમ લર્નિંગ સહિતની તમામ પ્રકારની શૈક્ષણિક અને સહ શૈક્ષણિક વગેરે પ્રવૃતિઓ કરવાની રહેશે.

9) વેકેશનના સમયગાળા દરમિયાનનું ઉચ્ચક માનદવેતન મળવાપાત્ર રહેશે નહીં.

ઉપરની શરતો અને બોલીઓ મેં વાંચી છે અને સમજી છે, જે શુધ્ધ બુધ્ધિથી, બિનકેફ હાલતમાં સંપૂર્ણ સમજીને શરતો અને બોલીઓ પાળવા સંમત છું અને આ કરારનો હું સ્વીકાર કરૂ છું.

કરાર સ્વિકાર્ય હોવા બદલની

સહિ અને પુરૂ નામ :

પુરૂ સરનામું :

તારીખ:

મારી રૂબરૂમાં

( )

પ્રમુખ/મંત્રી

શાળા સંચાલક મંડળ

..................................... પ્રા.શા.